અપીલ અરજી નં.૧૦૩ તા.૧૭–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૮–૫–૧૦ ની અરજીથી ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ તા.૧૯–૩–૦૭નાં ઈન્ટરવ્યુનાં અનુસંધાનમાં માહિતીની યાદીની નકલ મેળવવા બાબત. મુદ્દા નં.૧ કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોનં પ્રેકટીકલ ટેસ્ટનાં ગુણ અંગેની મહીતીની યાદીની નકલ મુદ્દા નં.ર કુલ ૧૦૨ ડ્રાઈવરની પ્રતિક્ષાયાદીનાં જ અ. જન જાતિનું સા.આ. પ.વર્ગની અને બીન અનામતની ટકાવારીની માહિતીની યાદીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૭–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૩/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૮–૫–૧૦ નીઅરજીથી ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં.પી.આર.ઓ.૫૯૭ તા.૧૯–૩–૦૭ નાં ઈન્ટરવ્યુનાં અનુસંધાનમાં માહિતીની યાદીની નકલ મેળવવા બાબત. મુદ્દા નં.૧ કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોનં પ્રેકટીકલ ટેસ્ટનાં ગુણ અંગેની મહીતીની યાદીની નકલ મુદ્દા નં.ર કુલ ૧૦૨ ડ્રાઈવરની પ્રતિક્ષાયાદીનાં જ અ. જન જાતિનું સા.આ. પ.વર્ગની અને બીન અનામતની ટકાવારીની માહિતીની યાદીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઈ.ચા.પર્સોનલ ઓફિસર (આર) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૪૫૮ તા.૧૪–૬–૧૦ થી આપેલ માહિતી સામે નારાજગી વ્યકત કરી માહિતી પુરતી, યોગ્ય અને પારદર્શિ આપવા રજૂઆત કરી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯ર તા.૨૪–૬–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)તથા અરજદારનેઅપીલ અરજીમાં માહિતિ ન મળવા અંગે તકરાર છે કે થયેલ કાર્યવાહી સંબંધમાં તકરાર નિવારણ અંગે? તે અંગે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. વધુમાં અરજદારને એ પણ જણાવવામાં આવેલ કે પસંદની પ્રક્રિયા અંગે તેમણે રજૂ કરેલ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી જોતાં તેમાં પર્સનલ ઈન્ટરવ્યુમાં હાજર રહેલા ઉમેદવારોની મેળવેલ ગુણ સહિત, અનુભવ વિનાના ૪૭ ઉમેદવારોની યાદી તથા પસંદગીના ધોરણ સહિત ૧૦૨ ઉમેદવારોની કક્ષા જાતિવાર માહિતી તમોએ માંગ્યા મુજબ પુરી પાડયા બાદ કઈ બાબતે નારજગી છે તે આધાર સહિત ગુંચવણ ભરી માહિતીના આક્ષેપના સમર્થનના આધાર સહ રજૂ કરવા પણ અરજદારને સૂચિત કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૬ તા.૨૮–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પસોનલ ઓફિસર આરને અરજી તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૭૧ તા.૨૦–૫–૧૦ ના પત્રની નકલ. ૧૦૨ ડ્રાઈવરોના લીસ્ટમાંથી કુલ ૪૭ અનુભવ વગરના ખાલી જગ્યાના માટે માર્ક કરેલ ક્રમાંકવાળુ લીસ્ટની નકલ, અરજદારને માહિતી માટે પાના દીઠ રૂા.૨/– લેખે કુલ પાના નંગ૩ર ના રૂા.૬૪/– જમા કરાવવા અંગે તથા મુદ્દા નં.૪ માં જણાવ્યા મુજબ ગુણ આપનાર અધિકારી અંગેની કેવી માહિતી જોઈએ છે તે અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૨૪ તા.૧–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૫૮ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, ભારત સરકારના પત્ર ક્રમાંક ૧/૭/૨૦૦૯ /આઈઆર કચેરી યાદીની નકલ, નોંધ વિભાગ, ડ્રાઈવરોની જગ્યા માટે પ્રેકટીકલ ટેસ્ટમાં હાજર રહેલ ૯૨૨ ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદીની નકલ,સ્ટાફ સીલેકશન સમિતિએ સીલેકટ કરેલ પ્રતિક્ષાયાદીની નકલ, ડ્રાઈવરોની જગ્યા માટે પર્સનલ ઈન્ટરવ્યુંમા હાજર રહેલ ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદીની નકલ, ઉદય નાયકની માર્કશીટની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ વિગત મળેલ નથી.

અરજદારની તા.૧૮–૫–૧૦ ની અરજીથી ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી જાહેરાત પીઆરઓ/૫૯૭ તા.૧૯–૩–૦૭ ના ઈન્યરવ્યુના અનુસંધાનમાં માહિતીયાદીની નકલ મેળવવા બાબત. આમ મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ/ મધ્યસ્થ મહેકમને કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૭૧ તા.૨૦–૫–૧૦ થી પર્સોનલ ઓફિસર આરને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતીની નકલના પાના દીઠ રૂા.ર/– લેખે કુલ પાના ૩ર/– ના રૂા.૬૪ જમા કરાવવા બાદ આપની અરજી અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમજ અરજીના મુદ્દા નં.૪ માં ગુણ આપનાર અધિકારી અંગેની કેવી માહિતી તમોને જોઈએ છે તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૨૪ તા.૧–૬–૧૦ ના રોજ પાઠવવામાં આવેલ. પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૪૫૮ તા.૧૪–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૭–૬–૧૦ ના રોજ

માંગેલ માહિતી પૂરતી યોગ્ય અને પારદર્શી આપવા રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોનં પ્રેકટીકલ ટેસ્ટનાં ગુણ અંગેની માહીતીની યાદીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરની જગ્યા માટે પ્રેકટીકલ ટેસ્ટમાં હાજર રહેલ ૯૨૨ ઉમેદવારોને મેળવેલ માર્કસની યાદીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અપીલ તબકકે અરજદાર ધ્વારા રજૂઆત કરેલ છે કે મુદ્દા નં.૧ ગૂંચવણ કરીને માહિતીની નકલ આપેલ છે. પરંતુ અરજદારને અપીલ તબકકે તે બાબત હેઠળ કોઈ વિગત પૂરી પાડેલ નથી. મુદ્દા નં.૨ કુલ ૧૦૨ ડ્રાઈવરની પ્રતિક્ષાયાદીનાં જ અ. જન જાતિનું સા.આ. પ.વર્ગની અને બીન અનામતની ટકાવારીની માહિતીની યાદીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે યાદીની નકલ સામેલ છે. મુદ્દા નં.૨ માં અપીલ તબકકે અરજદાર ધ્વારા અસત્ય અને અયોગ્ય આપેલ હોવાની રજૂઆત કરેલ છે. ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદીમાં શીડયુલ કાસ્ટની માંગણી કરવામાં આવેલ નથી ફકત શીડયુલ ટ્રાઈબના ૨૮ ઈબીસીના ૧૭ અને બાકીની જગ્યા જનરલ જણાવેલ છે જયારે આપશ્રીની માહિતીન નકલમાં ૮૭ ડ્રાઈવરો જનરલના અને ૧૫ ડ્રાઈવરો શીડયુલ કાસ્ટના પસંદ કરવામાં આવેલ છે જયારે શીડયુલ ટ્રાઈલ અને ઈબીસીનો છેદ ઉડાડી દેવામાં આવેલ છે. જેમાં અરજદારે માહિતીની યાદી માંગેલ છે જે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે જગ્યા બાબતેની અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૩ ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં કુલ ૪૭ ડ્રાઈવરના અનુસંધાનમાં માંગેલ માહિતીની યાદીની નકલ. મુદ્દા નં.૩ અંગેના પત્રક માંગેલ માહિતીનું બીડાણ આ અરજી સાથે જોડેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન બ્લોક નવી દિલ્લી તા.૧–૬–૦૯ ક્રમાંક ૧/૭/૨૦૦૯/આઈ આર ભારત સરકારને વાંચનમાં લેતાં જાહેર સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીશ્રી પાસે તમો તમામ નિર્ણયનો નકલો માંગી શકો છો પરંતુ થયેલ નિર્ણય અંગેની સ્પષ્ટતા કે ઉચિત પણું જણાવવાની અપેક્ષા રાખી શકો નહીં. તેવું જણાવેલ છે. જે બાબતે અપીલમાં અરજદારે ૪૭ ડ્રાઈવરોની નકલોનો જવાબ ન આપવા ભારત સરકારના જાહેરનામાને વાંચનમાં લેવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ ૧૦૨ ઉમેદવારની પસંદગી યાદીમાં તેનો સમાવેશ થતો જણાય છે તેમ છતાં અરજદાર વિશેષ માહિતી માંગે છે તે અંગે સ્વયં સ્પષ્ટ જણાતા નથી. મુદ્દા નં.(૪) ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયદીના હેવી વ્હીકલ લાયસન્સના ગુણની યાદીની નકલ તથા ગુણ આપનારાઓમાં અધિકારીઓ અંગેની માહિતીન નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીમુદ્દા નં.૧ થી માહિતી યાદીમાં સદર માહિતીનો સમાવેશ થઈ જાય છે. વધુમાં ગુણ આપનાર અધિકારીનું નામ શ્રી ઉદય જી. નાયક ડે.ઈજનેર વર્કશોપ છે. જયારે તેઓની શૈક્ષણિક લાયકાત ડીપ્લોમાં મીકે. એન્જી.ની ડીગ્રી ધરાવે છે જેની માર્કશીટની નકલ આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે અરજદારે અપીલમાં શ્રી ઉદય જી. નાયકની શૈક્ષણિક લાયકાતની કાર્યવાહી સામેની રજૂઆત છે. જેનો સમાવેશ માહિતી સાથે સાકળી શકાય નહીં. જે અંગે અરજદાર સક્ષમ સત્તાને રજૂઆત કરી શકે છે. મુદ્દા નં.(૫) ૧૦૨ ડ્રાઈવરોની પર્સનલ ઈન્ટરવ્યુના ગુણની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરની જગ્યા માટે પર્સનલ ઈન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદી આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે અરજદારે અપીલ તબકકે સ્ટાફ સીલેકશન અધિકારીની શૈક્ષણિક લાયકાતની કાર્યવાહી સામેની રજૂઆત છે. જેનો સમાવેશ માહિતી સાથે સાકળી શકાય નહીં. જે અંગે અરજદાર સક્ષમ સત્તાને રજૂઆત કરી શકે છે. મુદ્દા નં.(૬) ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી ને કમિ.શ્રીને મંજુરી આપવા મળ્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે અંગે મંજુરીની નકલ આપેલ છે. તેમાં અરજદારે અપીલ તબકકે સ્ટાફ સીલેકશન સમિતિની પ્રતિક્ષાયાદીની નકલની જગ્યાએ કમિ.શ્રીની મંજુરી અંગેની માહિતીની નકલની માંગણી અંગેની રજૂઆત છે. આમ અરજદારને મુદ્દા નં.૬ બાબતે પ્રતિક્ષાયાદીને કમિ.શ્રીની મંજુરી મળ્યા અંગેની માહિતીની નકલ પૂરી પાડેલ જણાતી નથી. જો પસંદગી સમિતિ ધ્વારા પસંદ થયેલી યાદી પર મ્યુ. કમિ.શ્રીની મંજુરી લેવાની કાર્યવાહી થયેલ હોય તો તેની નકલ પૂરી પાડવાની રહે. અગર તે અંગે હકીકતલક્ષી કાર્યવાહીની જાણ અરજદારને કરવાની રહે. જયારે મુદ્દા નં.૪ અને ૫ અંગે અરજદારની કાર્યવાહી સામેની રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૨ માં મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૬ની નહીં પૂરી પડાયેલી માહિતી દફતરી હકીકત અનુસાર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે. મુદ્દા નં. ૪ અને ૫ કાર્યવાહી સામેની રજૂઆત હોય તે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૨ અંગે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૬ સિવાયના અરજદારના મુદ્દા વિશે અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશનર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર